# Updates/GST/Legal-01/2022
# Dt. 31/03/2022

**Legal Branch**
**Office of the Chief Commissioner,**
**State tax, Gujarat**

# ૧. વેરાનાં દરને લગતાં ફેરફારો:

## ૧.૧ ઈંટ (Bricks) ના સપ્લાય પર વેરાનાં દરમાં વધારો:

ચીજ-વસ્તુઓ પર વેરાનાં દર અંગેનાં નોટીફીકેશન નં. ૦૧/૨૦૧૭-સ્ટેટ ટેક્સ (રેટ) તા. ૩૦/૦૬/૨૦૧૭ માં ઈંટ (Bricks) અને તેને લગતી નીચે મુજબની ચીજ-વસ્તુઓને શીડ્યુલ-૧ માંથી રદ કરીને શીડ્યુલ-૨ માં મૂકવામાં આવે છે. આથી તા. ૦૧/૦૪/૨૦૨૨ થી આ ચીજ-વસ્તુઓ પર ૫% ને બદલે ૧૨% દરે વેરો લાગુ થશે.

| | |
|---|---|
| 6815 | Fly ash bricks or fly ash aggregate with 90 per cent. or more fly ash content; Fly ash blocks |
| 6901 00 10 | Bricks of fossil meals or similar siliceous earths |
| 6904 10 00 | Building bricks |
| 6905 10 00 | Earthen or roofing tiles |

*[સંદર્ભ: નોટી. નં. ૦૧/૨૦૨૨– સેન્ટ્રલ/સ્ટેટ ટેક્સ (રેટ) તા. ૩૧/૦૩/૨૦૨૨]*

# ૧. વેરાનાં દરને લગતાં ફેરફારો: (Conti…)

## ૧.૨ ઈંટ (Bricks) ના સપ્લાય પર રાહતદરે વેરો:

૧.૨.૧ તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ઈંટ (Bricks) અને તેને લગતી નીચે મુજબની ચીજ-વસ્તુઓનાં સપ્લાય પર કોઇ સપ્લાયર ૧૨% ને બદલે ૬% નાં રાહતદરે વેરાનો લાભ મેળવવા માંગતાં હોય તો તેઓએ નીચે દર્શાવ્યા મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે:

| Description of Goods | Condition |
|---|---|
| Fly ash bricks or fly ash aggregate with 90 per cent. or more fly ash content; Fly ash blocks | (i) No ITC of tax paid on goods/services exclusively used in supplying such goods; and<br><br>(ii) If goods/ services partly used in other eligible supplies and partly used in supplying such goods No ITC to that extent as if they are used in making exempt supplies |
| Bricks of fossil meals or similar siliceous earths | |
| Building bricks | |
| Earthen or roofing tiles | |

## ૧.૨ ઈંટ (bricks) ના સપ્લાય પર રાહતદરે વેરો:

**(Conti…)**

<u>૧.૨.૨</u> આમ, સપ્લાયર ઈંટ તથા તેને લગતી ચીજ-વસ્તુઓનાં સપ્લાય પર ૬% નાં રાહતદરનાં વેરાનો લાભ મેળવવા માટે આવી ચીજ-વસ્તુઓનાં સપ્લાયમાં વપરાતી ચીજ-વસ્તુ/સેવાઓ પર ચૂકવેલ વેરાની <u>ક્રેડિટ મેળવી શકશે નહિ</u>.

*[સંદર્ભ: નોટી. નં. ૦૨/૨૦૨૨ - સેન્ટ્રલ/સ્ટેટ ટેક્સ (રેટ) તા. ૩૧/૦૩/૨૦૨૨]*

# ૨. નોંધણીની જોગવાઇ સંબંધિત ફેરફારો:

<u>૨.૧</u> રાજ્ય સરકારે તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજ નોટીફીકેશન નં. ૧૦/૨૦૧૯-સ્ટેટ ટેક્સ જારી કરીને ફક્ત ચીજ-વસ્તુઓનાં સપ્લાય કરતાં કરદાતાઓ માટે નોંધણી મેળવવા માટેની એગ્રીગેટ ટર્નઓવરની મર્યાદા રૂ. ૪૦ લાખ કરેલ હતી.

<u>૨.૨</u> તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ઉક્ત નોટીફીકેશનનાં અપવાદો તરીકે નીચે મુજબની ચીજ-વસ્તુઓનાં સપ્લાયર્સનો સમાવેશ કરવામાં આવે છે:

| HSN | Description |
|---|---|
| 6815 | Fly ash bricks or fly ash aggregate with 90 per cent. or more fly ash content; Fly ash blocks |
| 6901 00 10 | Bricks of fossil meals or similar siliceous earths |
| 6904 10 00 | Building bricks |
| 6905 10 00 | Earthen or roofing tiles |

<u>૨.3</u> આમ, તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ઉક્ત ચીજ-વસ્તુનાં સપ્લાયર્સ (ઉત્પાદકો/પુન:વેચનાર) માટે <u>નોંધણી માટેની ટર્નઓવરની મર્યાદા રૂ. ૪૦ લાખથી ઘટાડીને રૂ. ૨૦ લાખ</u> કરવામાં આવે છે.

*[સંદર્ભ: નોટી. નં. ૦3/૨૦૨૨-સેન્ટ્રલ/સ્ટેટ ટેક્સ તા. 3૧/૦3/૨૦૨૨]*

# ૩. કોમ્પોઝીશનની જોગવાઇ સંબંધિત ફેરફારો:

**3.૧** રાજ્ય સરકાર દ્વારા તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજ નોટીફીકેશન નં. ૧૪/૨૦૧૯-સ્ટેટ ટેક્સ જારી કરીને કોમ્પોઝીશન વિકલ્પ પસંદ કરવા માટે ટર્નઓવરની મર્યાદા રૂ. ૧.૫ કરોડ નિર્ધારિત કરેલ.

**3.૨** તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ઉક્ત નોટીફીકેશનનાં અપવાદોમાં નીચે મુજબની ચીજ-વસ્તુઓનાં ઉત્પાદકોનો પણ સમાવેશ કરેલ છે:

| HSN | Description |
|---|---|
| 6815 | Fly ash bricks or fly ash aggregate with 90 per cent. or more fly ash content; Fly ash blocks |
| 6901 00 10 | Bricks of fossil meals or similar siliceous earths |
| 6904 10 00 | Building bricks |
| 6905 10 00 | Earthen or roofing tiles |

3.3 આથી, ઉક્ત ચીજ-વસ્તુનાં ઉત્પાદકો તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ઉચ્ચક વેરાનાં ૧% નાં દરનો લાભ મેળવી શકશે નહિ, પરંતુ, સપ્લાયર આ ચીજ-વસ્તુનાં પુન:વેચાણ કરે તો તે ઉચ્ચક વેરાનાં ૧% નાં દરનો લાભ લઈ શકશે.

*[સંદર્ભ: નોટી. નં. ૦૪/૨૦૨૨-સેન્ટ્રલ/સ્ટેટ ટેક્સ તા. ૩૧/૦૩/૨૦૨૨]*

# આભાર

<u>નોંધ</u>:

a) ઉક્ત નોટીફીકેશન ડિપાર્ટમેન્ટની વેબ સાઈટ પર મુકેલ છે, જેનો અભ્યાસ કરવા વિનંતિ.

b) પ્રસ્તુત બાબતે જો કોઈ અસ્પષ્ટતા હોય તો ડિપાર્ટમેન્ટની કાયદા શાખાનો સંપર્ક કરવા વિનંતિ છે.